ઇયળબેન ઇયળબેન,
આવો ને, બેસો ને મારી કને.
હું પણ એકાકી જ છું,
તમારી જેમ જ!
અને તમે એકાકી છો,
પેલા સમુદ્રની જેમ.
જે યુગોથી શોધી રહ્યો છે એના પૂર્વજોને
એનાં પોતાનાં પગલાંની છાપમાં.
ઇયળબેન, પૂછું એક સવાલ?
એ સમુદ્રને કદી ચરણ હતાં ખરાં?
મને તો યાદ નથી...

ઇયળબેન,
પેલાં વાદળો પર
કોઈક કરી રહ્યું છે ઢગલા
મારા ગામની સીમમાં વેરાયેલાં હાડકાંના.

પેલી ક્ષિતિજની પરસાળમાં
કોઈક બાંધી રહ્યું છે મેં જોયેલાં એ મેઘધનુષોને
નનામી પર.

કોઈક મારા કાનમાં સતત બોલી રહ્યું છેઃ
રામનામ સત્ હૈ.

કોઈક વસ્તુઓના ગળામાં લટકાવી રહ્યું છે
વસ્તુઓના પોતાના પડછાયા.

હું જોયા કરું છું બેઠો બેઠો
મારા દેહમાં થઈને કોઈક કરી રહ્યું છે આવનજાવન ક્યારનુંય.

કોણ હશે એ?
તમને ખબર છે ઇયળબેન?

ઇયળબેન, પાંદડે પાંદડે હળોતરાં કરતાં રહો
એથી તમે ખોઈ નાખેલું તમારું અનન્ત
તમને જડશે એવું તમને લાગે છે ખરું?

મેં મારાં ખેતર ખોયાં
પણ મને એમાંનું કશું પાછું મળ્યું નથી
કાગળે કાગળે હળોતરાં કરવાથી.

તમે ભલે કહેતાં હો પણ હું માનતો નથી કે
એક જમાનામાં તમે અનન્તને
ગળામાં માદળિયાની જેમ બાંધીને ફરતાં હતાં.
એમ તો હું જનમ્યો ત્યારનો મારાં ખેતરોને
મારા કેશમાં ધૂપેલની જેમ નાખીને ફરતો હતો.
પણ, એ વાતને કોણ માનશે?

ઇયળબેન, તમે પાંદડે પાંદડે હળોતરાં કરો
ને હું કાગળે કાગળે –
આપણને કશું હાથમાં નહીં આવે
હવે હળને સત્ નથી ચડતું ઇયળબેન
હવે શબ્દોને સત્ નથી ચડતું ઇયળબેન.

ઇયળબેન, ક્યારેનોય સૂતો હતો હું
હમણાં જ નિદ્રાદેવી પધારશે એમ માનીને
પણ એવું ન બન્યું.
કોઈક મને કહે છેઃ
તારાં હાડકાંના ધોળા રંગમાં તરતી
ઈશ્વરની આંખ તને નડી રહી છે;
તો વળી કોઈક એમ પણ કહે છેઃ
તારી કીકીઓ પર સનેપાતનાં રાજ બેસી ગયાં છે;
તને હવે કદી પણ નિદ્રા નહીં આવે.
હમણાં જ આકાશવાણી થઈઃ
તારા મેરુદંડ તળે
તારી ભાષાની બારાખડી
શેવાળની જેમ પડી છે,
એ પાછી જીવતી નહીં થાય ત્યાં સુધી તું...
જે હોય તે ઇયળબેન
પણ પૂછું એક સવાલઃ
તમે મારા વતી ઊંઘી શકો ખરાં?
અને ઊંઘી શકો તો...

ઇયળબેન, આ અનિદ્રા મને
કશાનો અર્થ કરવા દેતી નથી.
મારી નજર સમક્ષ બાજરીનાં ડૂંડાં ઝૂલે
ને હું કાપવા જાઉં એમને તો મારું દાતરડું
ખાડામાં પગ પડે એમ
હવામાં પડે.
ઇયળબેન, મારે અર્થ કરવો છે મારો
તમારો;
મારે ચડાવવી છે પણછ
મારા શ્વાસને પાછી ફરી એક વાર,
આ જીભ પર સતત ચડી રહેલા કાટને મારે અટકાવવો છે,
મારી નાભિમાં ઊંડે ઊગેલા આકડિયાના મૂળમાં પડેલી
હનુમાનજીની મૂર્તિને મારે બહાર કાઢવી છે.
પણ, હું કશું જ કરી શકતો નથી ઇયળબેન
આવો ને, બેસો ને મારી કને
આપો ને મને આશ્વાસન જેમ તમે
આપ્યું હતું ઈશ્વરને
માણસ સર્જ્યા પછી એમ...